'TB અવેરનેસ પ્રોગ્રામ' નો વિસ્તૃત અહેવાલ (07/08/2026)

શ્રીમતી એ. વી. ડી. એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, જામજોધપુર ખાતે વિધાર્થીઓમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા કેળવાય તેવા શુભ હેતુથી 'ટીબી (ક્ષય) અવેરનેસ પ્રોગ્રામ'નું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાધનને ટીબી જેવા ગંભીર રોગના લક્ષણો, તેનાથી બચવાના ઉપાયો અને સમાજમાં ફેલાયેલી ભ્રમણાઓ વિશે સાચી માહિતી આપવાનો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. અલ્કેશ વાછાણીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સ્વાસ્થ્યનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, આજના યુવાનો જ કાલે એક સક્ષમ અને આરોગ્યપ્રદ સમાજનું નિર્માણ કરી શકે છે. સ્થાનિક આરોગ્ય વિભાગના નિષ્ણાત તબીબો અને આરોગ્ય કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ટીબીના બેક્ટેરિયા, તેનો ફેલાવો, સતત બે અઠવાડિયાથી વધુ સમય સુધી રહેતી ખાંસી જેવા પ્રારંભિક લક્ષણો અને તેના નિદાનની પ્રક્રિયા વિશે અત્યંત સરળ ભાષામાં વિસ્તૃત માહિતી આપી હતી. તબીબો દ્વારા ટીબીના સંપૂર્ણ ઇલાજ અને સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટીબી એ અસાધ્ય રોગ નથી પરંતુ યોગ્ય સમયે અને પૂરેપૂરી દવા લેવાથી તે સંપૂર્ણપણે મટી શકે છે.

આ તકે વિધાર્થીઓ માટે એક પ્રશ્નોત્તરી સેશનનું પણ આયોજન કરાયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની શંકાઓનું નિવારણ કર્યું હતું. એન.એસ.એસ. (NSS) ના સ્વયંસેવકોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. અંતમાં, કૉલેજ ના ટ્રષ્ટી શ્રી રમેશભાઈ કાલરીયા દ્વારા કર્યક્રમ ને બિરદાવમાં આવ્યો હતો.

'TB Awareness Program' Detailed Report (07/08/2026)

A grand and successful 'TB Awareness Program' was organized at Smt. A. V. D. S. Arts and Commerce College, Jamjodhpur with the auspicious purpose of creating health awareness among the students. The main objective of this program was to provide correct information to the youth about the symptoms of a serious disease like TB, ways to prevent it and the misconceptions spread in the society. Explaining the importance of health in his address, the Principal of the college, Dr. Alkesh Vachani, said that only the youth of today can build a capable and healthy society tomorrow. Expert doctors and health workers of the local health department were specially present, who gave detailed information in very simple language about the TB bacteria, its spread, initial symptoms like cough that lasts for more than two weeks and its diagnosis process. Doctors provided guidance on the complete treatment of TB and government schemes. They emphasized that TB is not an incurable disease but it can be completely cured by taking the right medicine at the right time and in full.

A question and answer session was also organized for the students on this occasion, in which the students enthusiastically participated and cleared their doubts. NSS volunteers played an important role in making this program a success. In the end, the work was appreciated by the college trustee Shri Rameshbhai Kalaria.

Photos of TB Awareness Program









News and Press Release of TB Awareness Program



એ.વી.ડી.એસ.કોલેજ,જામજોધપુર દ્વારા વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી

(જીલ વ્યાસ દ્વારા) જામજોધપુર, તા.૨૧: વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત પર્યાવરણ સરક્ષણ ને અનુસંધાને વૃક્ષારોપણનુ કેમ્પસમાં તથા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા કેળવાય એ હેતુથી ટી.બી. જાગૃતતાના પ્રોગ્રામનું સ્વચ્છતા હી સેવા ના ઉદ્દેશ્યને સાથક કરવાના હેતુથી કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં આવ્યું હતું સાથે સાથે "હર ઘર તિરંગા યાત્રા" નું પણ આયોજન અને વિવિધ સ્પર્ધાઓ જેવીકે રંગોળી, ચિત્ર, કોલાજ, કાર્ટૂનિંગ, મહેંદી જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું

દેશમાં રાષ્ટ્રીય ભાવના અને દેશભક્તિના પ્રસાર માટે "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત એ. વી. ડી. એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ના એન.એસ.એસ.(NSS) વિભાગ દ્વારા તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઈ કાલરીયા દ્વારા શુભારંભ કરાવવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યશ્રી ડો. અલ્કેશ વાછાણીના અધ્યક્ષ સ્થાને આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. અનિલ હોબી દ્વારા રેલીનું સચોટ અને સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. (૩.૮)

કોલેજનો શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા હાથમાં રાષ્ટ્રધ્વજ તિરંગો લઈને "વંદે માતરામ" અને "ભારત માતા કી જય" ના નારાઓ સાથે સમગ્ર જામજોધપુર શહેરનું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદરભાવ જગાડવાનો અને "હર ઘર તિરંગા" અભિયાન વિશે જાગૃતિ કેળવવાનો હતો. જે સૌના સહયોગથી અત્યંત સફળ રહ્યો હતો. રેલીના અંત રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. એન.એસ.એસ.

એ.વી.ડી.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા જામજોધપુરમાં વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયાની ભવ્ય ઉજવણી કરવામાં આવી..



જામનગર તા.૨૨

વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત પર્યાવરણ સરક્ષણ ને અનુસંધાને તારીખ ૦૭/૦૮/૨૦૨૨ ના રોજ વૃક્ષારોપણનુ કેમ્પસમાં આયોજન કરવામાં આવેલું હતું તથા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા કેળવાય એ હેતુથી ટી.બી. જાગૃતતાના પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવેલું હતું તથા તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ સ્વચ્છતા હી સેવા ના ઉદ્દેશ્યને સાર્થક કરવાના હેતુથી કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં આવેલું હતું સાથે સાથે તા. ૧૨/૦૮/૨૦૨૨ ના રોજ 'હર ઘર તિરંગા યાત્રા' નું પણ આયોજન કરવામાં આવેલું હતું અને તા. ૧૪/૦૮/૨૦૨૨ ના રોજ વિવિધ સ્પર્ધાઓ જેમકે રંગોળી, ચિત્ર, કોલાજ, કાર્ટૂનિંગ, મહેંદી જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું હતું

દેશમાં રાષ્ટ્રીય ભાવના અને દેશભક્તિના પ્રસાર માટે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તારીખ ૧૨/૦૮/૨૦૨૨ ના રોજએ. વી. ડી. એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ના એન.એસ.એસ. વિભાગ દ્વારા તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઈ કાલરીયા દ્વારા આજા આપીને રેલીનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યશ્રી ડો. અલ્કેશ વાછાણી આઈક્યુ ના અધ્યક્ષ સ્થાને આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કોલેજનો શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ, એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા હાથમાં રાષ્ટ્રધ્વજ તિરંગો લઈને 'વંદે માતરામ' અને 'ભારત માતા કી જય' ના નારાઓ સાથે સમગ્ર જામજોધપુર શહેરનું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદરભાવ જગાડવાનો અને 'હર ઘર તિરંગા' અભિયાન વિશે જાગૃતિ કેળવવાનો હતો. જે સૌના સહયોગથી અત્યંત સફળ રહ્યો હતો. રેલીના અંતે રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. અનિલ હોબી દ્વારા રેલીનું સચોટ અને સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.